# મોઢેરા ખાતે દ્વિ-દિવસીય ઉત્તરાર્ધ મહોત્સવનો પ્રારંભ





મહેસાણા, તા. ૨૯

મહેસાણા જિલ્લાના મોઢેરા ખાતે આજથી ઉત્તરાર્ધ મહોત્સવ ૨૦૧૭નો પ્રારંભ યુવક સેવા અને સાંસ્કૃતિક સેવા મંત્રી રાજેન્દ્ર ત્રિવેદીએ દિપ પ્રગટાવી શુભારંભ કરાવ્યો હતો. આ પ્રસંગે તેમણે જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર કલા સંસ્કૃતિ અને તેની સાથે સંકળાયેલ કલાકારો અને કસબીઓને પ્રોત્સાહન આપવા માટે સતત પ્રયત્નશીલ છે. યુવક મહોત્સવ થકી રાજ્યના ભવ્ય સાંસ્કુતિક વારસાને દેશ વિદેશમાં ગૌરવવંતુ સ્થાન પ્રાપ્ત થયુ છે તેના થકી રાજયના પ્રવાસન ઉદ્યોગને પણ વેગ મળે છે.

આજના મહોત્સવમાં મોઢેરા સૂર્ય મંદીર ખાતે ઘુંઘરુ, નાદ, નર્તન અને વાયોલીન વાદનના સમન્વયથી વાતાવરણ જીવંત બન્યુ હતુ. જેની દેશ અને વિદેશના ઉપસ્થિત દર્શકોએ પ્રશંસા કરી હતી.





મહેસાણા જિલ્લાના મોઢેરા સૂર્ય મંદીર ખાતે રાજ્ય સરકાર દ્વારા ૧૯૯૨ના વર્ષથી ઉત્તરાર્ધ મહોત્સવની ઉજવણી કરવામા આવે છે. રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, જિલ્લા વહિવટી તંત્ર અને વેસ્ટઝોન કલ્ચર સેન્ટર ઉદયપુર દ્વારા આ મહોત્સવનું આયોજન કરવામા આવે છે.

આજના દિવસે અલ્પના નાયકે ઓડિસી, શ્રીમતી ભૈરવી હેમંતે ભારત નાટ્યમ મિરા નિગમ ઉપાધ્યાયે ભારત નાટ્યમ અને કુપલ સોમપુરાએ ભારત નાટ્યમ ઉપરની પોતાની કલા પ્રસ્તુત કરી હતી.

આ પ્રસંગે મહેસાણાના સાંસદ શ્રીમતી જયશ્રીબેન પટેલ, પુર્વ નાયબ ઉધોગ મંત્રિ ખોડાભાઈ પટેલ સહીત યુવક સેવા સચિવ વી પી પટેલ, કમીશનર એમ.વી. દક્ષીણી, જિલ્લા કલેક્ટર આલોક કુમાર પાંડે, જિલ્લા વિકાસ અધિકારી લાંઘા, નિવાસી કલેકટર રમેશ મિરઝા અને મોટી સંખ્યામાં દર્શકો ઉપસ્થીત રહ્યા હતા.

## હિમતનગરમાં ૭૦ પ્રોજેક્ટ રજુ કરાયા : ૨૦૦૦ વિદ્યાર્થીઓએ મુલાકાત લીધી

સાબરકાંઠા જીલ્લાના મુખ્ય મથક હિંમતનગરની સમર્થ કોલેજના બે દિવસીય ઈનોવટ-૨૦૧૭નો કાર્યક્રમ યોજાયો જેમાં



જેમાં ૧૨૫ થી વધુ વિધ્યાર્થીઓ દ્વારા અલગ અલગ પ્રકારના ૭૦ થી વધુ પ્રોજેક્ટ રજુ કર્યા હતા.સૌથી વધુ ચર્ચા માં સ્માર્ટ મીરર અને બોર્ડર સર્વેલન્સ સિસ્ટમ રહ્યા હતા.શુક્રવારે શરુ થયો હતો અને શનિવારે પૂર્ણ થયો હતો.

હિંમતનગરની સમર્થ કોલેજની કોમ્પ્યુટર ડીગ્રીના સમેસ્ટર ૩ ના વિધ્યાર્થીઓ માટે એક સ્માર્ટ મીરર બનાવવામાં આવ્યુ છે કે જેનાથી બ્રશ કરતી વખતે કે તૈયાર થતી વખતે દર્પણમાં જોઈને મોબાઈલ વાપરી શકાય,કે મનોરંજન ના ગીતો સહિત દુનિયા ભરની માહિતી પણ આ સ્માર્ટ મીરર દ્વારા મળી શકે તેવો પ્રોજેક્ટ બનાવ્યો છે.આમ તો દર્પણનો લોકો તૈયાર થવા માટે જ ઉપયોગ કરતા હોય છે.

પરંતુ આ વિધ્યાર્થીઓ દ્વારા આ દર્પણને મનોરંજનનુ સાધન બનાવીને આપ્યુ છે અને જેનાથી લોકો પોતાને તો જોઈ શકે છે પરંતુ સાથે સાથે દુનિયાને પણ ડીસપ્લે દ્વારા જોઈ શકે છે અને તેનાથી લોકોને ટીવી કે મોબાઈલ જોવાની પણ જરૂર પડતી નથી જેથી સમય પણ બચે છે.આ અંગે પ્રોજેક્ટ બનાવનાર મહેરબાન ડોડીયા એ જણાવેલ કે અમે સ્માર્ટ મીરર બનાવ્યો છે જેમાં તમે બ્રશ કરતા કે તૈયાર થતા તમે મનોરંજન પણ કરી શકો છે અને અમે આમાં વિવિધ તકનીકી સાધનોનો ઉપયોગ કર્યો છે આની કિંમત ૨૭૦૦ રૂપીયા છે.આ અંગે ભાગ લેનાર વિધાર્થી લક્ષ્મણસિંહ સોલંકીએ જણાવેલ અમે આ બનાવવા માટે સેમસંગ ડીસપ્લે, જેસી ઓપરેટીંગ સિસ્ટમ, સાસબેરી પાઈ ગ્લાસ જેવી સીસ્ટમનો ઉપયોગ કર્યો છે.

આમ તો હાલના સમયમાં મોબાઈલ જીવન જરૂરીયાતની ચીજ બની ગઈ છે અને લોકો ૨૪ કલાક મોબાઈલ સાથે જ હોય છે પરંતુ આ સ્માર્ટ મીરરમાં વિધ્યાર્થીઓ દ્વારા મોબાઈલની પણ તમામ સીસ્ટમ ઉપલબ્ધ કરી છે જેનાથી યુ ટ્યુબ, વોટ્સએપ, ફેસબુટ વગેરે વાપરી શકે છે.આ પ્રોજેક્ટ આમ તો ૨૭૦૦ રૂપિયામાં આ ચાર વિધ્યાર્થીઓ દ્વારા તૈયાર કરવામાં આવ્યો છે જેમાં સેમસંગ ડિસપ્લે, વન વે સિલ્વર પ્લેટેડ ગ્લાસ, જેસી ઓપરેટીંગ સિસ્ટમ જાતે બનાવેલ,અને રાસબેરી પાઈ




જેવા તકનીકી સાધનોનો ઉપયોગ કરીને સ્માર્ટ મીરર બનાવ્યુ છે તો આ ઉપરાંત બીજા અન્ય ૭૦ જેટલા વિવિધ પ્રકારના પ્રોજેક્ટો કોલેજના વિવિધ વિધ્યાર્થીઓ દ્વારા લોકોને ઉપયોગમાં આવી શકે તેવા બનાવ્યા છે અને આ ઉપરાંત કલાકૃતિ પણ મુકવામાં આવી છે.આ અંગે સમર્થ કોલેજના આચાર્ય ડૉ પારસ કોઠારીએ જણાવેલ કે ૧૨૫ જેટલા વિધ્યાર્થીઓ દ્વારા ૭૦ જેટલા પ્રોજેક્ટ રજુ કરવામાં આવ્યા છે લોકોને કંઈક જાણવા મળે તેવા પ્રોજેક્ટ રજુ કર્યા છે જેમાં સ્માર્ટ મીરર જેવા પ્રોજેક્ટ પણ રજુ કરવામાં આવ્યા છે.કોલેજ દ્વારા દર વર્ષે આ પ્રકારે વિવિધ પ્રોજેક્ટ રજુ કરવામાં આવે છે અને જેને લઈને લોકોને પણ આ પ્રોજેક્ટ ખુબજ ઉપયોગી બની રહે છે જો સકરાર દ્વારા દર વર્ષે અહિ બનાવેલ પ્રોજેક્ટ ઉપયોગમાં લેવામાં આવે તો ચોક્કસ પણ આ લોકો અને સરકાર માટે પણ ખુબજ ઉપયોગી સાબિત થાય તેમાં નવાઈ નહિ.

## પાલનપુરમાં બેનામી સંપત્તિ સાથે સાણસામાં ફસાયેલી કરોડપતિ સાધ્વી

**ગુનાહિત ઈતિહાસમાં માસ્ટર માઈન્ડ સાધ્વી સામે આસારામ બચ્ચું છે : પૂર્વ સેવક**

**પાલનપુરમાં બિલ્ડરો અને બીઝનેશમેનને કરોડોનું ઉંચા વ્યાજ એ ધિરાણ કરે છે : રાજન બારડ**

કરોડોની છેતરપિંડી અને રોકડ, સોનું, દારૂ સાથે પકડાયેલા સાધ્વી જયશ્રીગીરીની બેનામી સંપતિની તપાસ માટે પોલીસે ત્રણ ટીમો બનાવી તપાસ શરૂ કરી દીધી છે.બીજી બાજુ કેસના બીજા આરોપી ચિરાગ રાવલની માતાએ તેમનો પુત્ર ૨૨ દિવસથી ગુમ હોવાની અરજી



પોલીસને આપી છે. શનિવારે દિવસભર પણ પોલીસે સાધ્વીની પુછપરછ કરી હતી. રિમાન્ડ પુરા થતાં સોમવારે સાધવીને કોર્ટમાં રજૂ કરાશે. વિદેશી દારૂની બોટલ મળતાં સાધ્વી સામે પ્રોહિબિશનનો ગુનો અલગથી નોંધ્યો છે.જોકે એક સમય ના સાધ્વી ના પૂર્વ સેવક એવા રાજન બારડ એ સાધ્વી જયશ્રીગીરીની ગુનાહિત ઈતિહાસ પર ચોકાવનારા ખુલાસા કર્યા હતા સાધ્વી ના પૂર્વ સેવક રાજન બારડ એ ઘટસ્ફોટ કર્યું હતું કે પાલનપુર માં મોટાભાગ ના બિલ્ડરો સાથે સાધ્વી ની ભાગીદારી છે અને હાલમાં ત્રણ વધુ બિલ્ડર સાઈડ નું કામ ચાલી રહયું છે તેમજ વધુ માં કહ્યું હતું કે પાલનપુર ના બિજનેશમેન અને બિલ્ડરો પાસે સાધ્વી ના ૧૨ કરોડ થી વધુ રકમ ઉચ્ચા વ્યાજે ફરે છે સૌથી મોટો એ ખુલાસો એ પણ કર્યો હતો કે સાધ્વી જયશ્રીગીરી એ મુસ્લિમ યુવક સાથે લગ્ન કર્યા બાદ હસીનાબીબી તરીકે પણ ઓળખાતી હતી ત્યાર બાદ બનાસકાંઠા જિલ્લા ના મોકેશ્વર ખાતે મહંત જગદીશગિરિ ના સંપર્ક માં આવીને તેમને ગુરુ બનાવી ભાગવા વસ્ત્રો ધારણ કરી દીધા હતા સાધ્વી એ મઠ પર કબ્જો જમવા માટે એક મહંત ને ગુમ કર્યા તો બીજા મહંત ની હત્યા કરી હોવાના આક્ષેપો સાધ્વીપર થયા હતાતેમજ હાલ માં વિવાદિત એવા પાયલોટ બાબા સાથે



સંપર્ક હોવાનું પણ જણાવ્યું હતું ગુનાહિત ઈતિહાસ માં માસ્ટર માઈન્ડ ગણાતી સાધ્વી સામે આસારામ તો બચ્ચું હોવાનું ખુલાસો કર્યો હતો.

## કાંકરેજ રાજપૂત કર્મચારી મહામંડળ દ્વારા તેજસ્વી તારલાઓનો સન્માન સમારંભ યોજાયો

કાંકરેજ, તા. ૨૯

રાજપૂત કર્મચારી મહામંડળ દ્વારા કાંકરેજ તાલુકાની ધનાસરી પ્રાથમિક શાળામાં વર્ષ ૨૦૧૬ના ધો. ૬ થી ઉચ્ચ અભ્યાસ સુધીના ૯૬ જેટલા તેજસ્વી તારલાઓને પાંચ નવા નિયુક્ત કર્મચારીઓને શાલ ઓઢાડી સન્માનિત કરાયા હતા. આ



પ્રસંગે હાજર રાજપૂત સમાજની દિકરીઓએ તલવારબાજીનું નિદર્શન કર્યું હતું.

કાંકરેજ તાલુકાના રાજપૂત કર્મચારી મહામંડળ દ્વારા સન્માન સમારોહ યોજાયો હતો. આ સમારોહનું ઉદઘાટન પ્રમુખ બાબુસિંહ ઝાલાએ દિકરીઓના હસ્તે દિપ પ્રાગટ્ય કરાવ્યું હતું. મુખ્ય મહેમાન તરીકે રાજભા સોલંકી કિર્તીસિંહ વાઘેલા, ભરતસિંહ ભટેસરીયા, મફાજી સોલંકી, કરણસિંહ, અનુભા વાઘેલા (પૂર્વ પ્રમુખ થરાદ, નગરપાલિકા), બાહદુરસિંહ વાઘેલા (ડીવાયએસપી), પ્રદ્યુમનસિંહ વાઘેલા, જયપાલસિંહ વાઘેલા એલસીબી પાલનપુર, ગોપાલસિંહ (પૂર્વ સરપંચ કલોલ), અજમલસિંહ વાઘેલા (મંત્રી) વિનુભા સોલંકી, સહિત ભાભર નગરપાલિકાના કોર્પોરેટર લાલુભા રાઠોડ, ગાંડાજી સરપંચ આકોલી અને કાંકરેજ વિભાગ રાજપૂત કર્મચારી મહામંડળના સભ્યો હાજર રહ્યા હતા અને દાતાઓનું સન્માન કરવામાં આવ્યુ હતુ. જેમાં ૧૦૦ જેટલા મોમેન્ટો હિન્દુજી સોલંકી કંબોડ દ્વારા આપવામાં આવ્યા હતા. જ્યારે સ્કૂલબેગ ડીવાયએસપી ગાંધીનગર અને એલસીબી પાલનપુર દ્વારા આપવામાં આવી હતી. ધનાસરી સરકારી પ્રાથમિક શાળાના ગ્રાઉન્ડ ખાતે ૯૬ જેટલા વિદ્યાર્થીઓ અને નવનિયુક્ત ૫ કર્મચારીઓને શાલ ઓઢાડી સન્માનિત કરાયા હતા.

આ સમારોહમાં ભારતસિંહ ભટેસરીયાએ રાજપૂત સમાજને સંગઠીત બનાવી અને બાળકોમાં શિક્ષણ વધારે મેળવે તેમજ કર્મચારી મહામંડળના આયોજનને બિરદાવ્યુ હતુ અને સમાજમાંથી કુરીવાજો અને વ્યસન મુક્ત રહેવા આહવાન કરવામાં આવ્યુ હતુ. સાથે કાંકરેજ વિભાગના રાજપૂતની દિકરીઓ દ્વારા તલવારબાજી નિદર્શન કરવામાં આવ્યું હતું.

આ સમારોહનું સંચાલન બાબુસિંહ વાઘેલાએ કર્યુ હતુ. આભારવિધિ અનુભા વાઘેલાએ કરી હતી અને ખડુભા વાઘેલા પરિવાર અને ધનાસરી પ્રાથમિક શાળાના પ્રાંગણ ભાઈ-બહેનો અને હોદ્દેદારોથી ખીચોખીચ ભરાયો હતો. જેમાં રાજકીય આગેવાનો, પદાધિકારીઓ અને વાલીયો સહિત મહેમાનો ઉપસ્થિત રહ્યા હતા.



અરવલ્લીમાં મોડાસાના બોલુન્દ્રા ગામે શ્રી અગ્નિહોત્રી જી.કે. વ્યાસ હાઈસ્કૂલમાં પણ ૬૮મું ગણતંત્ર પર્વ ગામના રહીશ નિવરીત્ત હિસાબી અધિકારી વાલજીભાઈ પરમારના હસ્તે ધ્વજવંદન કરી ઉજવાયું હતું. આ અવસરે કેળવણી મંડળના સદસ્ય પદમસિંહ રહેવરે શાળાના બાળકોને વ્યાયામ, યોગ કરાવ્યા હતા. ભારત માતાનું પૂજન પણ કરાવાયું હતુ. છાત્રો દ્વારા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો રજુ કરવામાં આવ્યા હતા.

## પાલનપુરના રાજારામ ગુરૂકુળમાં પ્રજાસત્તાક દિનની ઉજવણી કરાઈ

પાલનપુર, તા. ૨૯

પાલનપુરમાં શિક્ષણ સાથે બાળકોના ચારિત્ર્ય ઘડતર માટે કાર્યરત સંત રાજારામ ગુરૂકુળમાં ૬૮માં પ્રજાસત્તાક દિનની શાનદાર ઉજવણી કરાઈ હતી. ધ્વજવંદન બાદ ગુરુકુળના ભૂલકાઓ દ્વારા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરાયા હતા.

પાલનપુર-ડીસા હાઈવે પર આવેલ સંતશ્રી રાજારામ ગુરુકુળમાં ૬૮માં ગણતંત્રદિનની ઉજવણી કરવામાં આવી હતી. ગણતંત્ર દિનની ઉજવણીના ભાગરૂપે વહેલી સવારે શાળાના બાળકો દ્વારા દેશભક્તિના નારાઓ સાથે પ્રભાતફેરી યોજવામાં આવી હતી. બાદમાં મુખ્ય મહેમાન ભરતભાઈ.વી.પટેલના હસ્તે ધ્વજ વંદનનો કાર્યક્રમ યોજાયો હતો.

ધ્વજવંદન સમારોહ બાદ શાળાના બાળકો દ્વારા દેશ ભક્તિના ગીતો વચ્ચે અવનવી વેશભૂજામાં સજ્જ બાળકો દ્વારા મનમોહક સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરાયા હતા. જે કાર્યક્રમોએ ભારે આકર્ષણ જમાવ્યું હતું. આ પ્રસંગે શાળાના નિયામક લક્ષ્મણભાઈ કે.પટેલ, શાળાના આચાર્ય મહેન્દ્રભાઈ જોશી, છાત્રાલયના સંચાલક ભીખાભાઈ ચૌધરી, એકાઉન્ટન્ટ વેલજીભાઈ પટેલ સહિત શિક્ષકગણે કાર્યક્રમને સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવી હતી.

## તલોદના રાણીપુરા ગામે પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયો

તલોદ, તા. ૨૯

સાબરકાંઠા જિલ્લાના તલોદ તાલુકાના રાણીપુરા ગામ ખાતે ભારે ધામધૂમપૂર્વક શ્રી મહાકાળી માતાજીનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવવાનું ગામના માઈભક્તોએ સુંદર આયોજન કરેલ છે. ૩ દિવસ ચાલનારા આ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં શ્રી મહાકાળી માતાજી સાથે શ્રી હરસિદ્ધિ માતાજી તથા શ્રી બહુચર માતાજી અને તેઓના આનુસાંગિક ભગવાનની પ્રતિમાઓનો પણ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાનાર છે.

અમદાવાદ-મોડાસા રોડ માર્ગ ઉપરના રોજડ ચાર રસ્તા સર્કલથી ત્રણેક કિ.મી.ના અંતરે આવેલા રાણીપુરા ગામમાં આયોજીત આ ત્રિમૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવના ભવ્ય આયોજનને કારણે સમગ્ર પંથક જાણે કે ધર્મની હરિયાળી છવાઈ ગઈ હોય તેવો માહોલ ઉદ્‌ભવ્યો છે. તા. ૨૮-૧-૧૭ શનિવારથી તા. ૩૦-૧-૧૭ સોમવાર સુધીના ૩ દિવસ માટે આયોજનમાં કુટિરહોમ, જલ, શોભાયાત્રા, જલાધિવાસ અને દેવતાઓની પ્રતિમાઓમાં પ્રાણનો સંચાર શાસ્ત્રોક્ત વિધિ વિધાન અનુસાર થશે. યજ્ઞના આચાર્યપદે ભરતભાઈ કે. શાસ્ત્રી તમામ વિધિ કરાવશે.

નાનકડા રાણીપુરા ગામમાં નાના બાળકોથી માંડી યુવાનો અને વૃદ્ધ માઈભક્તોમાં પણ અનેરો આનંદ હોઈ માતાજીની પ્રતિષ્ઠા વિધિ બાદ બપોરે ૨.૧૫ કલાકે હેલિકોપ્ટર દ્વારા પુષ્પવર્ષા કરવાનું પણ પંથકનું ઐતિહાસિક આયોજન કરવામાં આવેલ છે. સમગ્ર પ્રસંગને અનંતભાવપૂર્વક પાર પાડવા સેંકડો દાતાઓએ ઉમદા દાનની સરિતા વહાવી દેતાં આયોજકોમાં નવુ જોમ ઉદ્‌ભવ્યુ છે. શુક્ર-શનિ-રવિ ૩ દિવસ માટે જય અલખધાણી આખ્યાનનું પણ ભવ્ય આયોજન કરવામાં આવેલ છે.



અરવલ્લી જિલ્લા સામાજિક સમરસતા મંચના ઉપક્રમે ભારત માતા પૂજન અને મહા આરતીના કાર્યક્રમોનું આયોજન કરાયું હતું. જેમાં ચંદ્રકાંતભાઈ પટેલ સહિત કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.